| | |
|---|---|
| **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**<br>રજી. અને કોર્પોરેટ ઓફીસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન",<br>લક્ષ્મીનગર, નાનામવા રોડ, રાજકોટ – ૩૬૦૦૦૪ | PGVCL |

પીજીવીસીએલ એ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વીજ વિતરણ કરતી જીયુવીએનએલ (પૂર્વ જી.ઈ.બી) ની સંલગ્ન કંપની છે, જેની સૌરાષ્ટ્ર અને કચ્છના અલગ-અલગ વિસ્તારમાં વિવિધ કચેરીઓ આવેલ છે. એપ્રેન્ટિસ અધિનિયમ - ૧૯૬૧ ની જોગવાઈ મુજબ પીજીવીસીએલ હેઠળ એપ્રેન્ટિસ લાઇનમેન ભરવાના થતા હોય, જે માટે જે તે જીલ્લાની રોજગાર કચેરીમાંથી યોગ્ય લાયકાત ધરાવતા પૂરતા ઉમેદવારો મળી શકતા ન હોય, જેને કારણે પીજીવીસીએલ હેઠળની વિવિધ વર્તુળ કચેરી હેઠળ એપ્રેન્ટિસ લાઇનમેન તાલીમાર્થીઓની નીચે મુજબની જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. નિયત પાત્રતા ધરાવતા (રોજગાર કચેરીમાં નોધાયેલા અને ન નોંધાયેલા) ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા માટે જરૂરી દસ્તાવેજો સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવું:

- એપ્રેન્ટિસ લાઇનમેનની ખાલી રહેલ જગ્યાઓની વિગત:

| ક્રમ | વર્તુળ કચેરીનું નામ | કુલ ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની વિગત (અંદાજીત/અપેક્ષિત) | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | UR | SEBC | EWS | ST | SC |
| ૧ | **ભાવનગર** | ૨૨ | ૦ | ૦ | ૦ | ૨૨ | ૦ |
| ૨ | **મોરબી** | ૯ | ૦ | ૦ | ૯ | ૦ | ૦ |
| ૩ | **જુનાગઢ** | ૧૨ | ૦ | ૦ | ૧૨ | ૦ | ૦ |
| ૪ | **બોટાદ** | ૭ | ૦ | ૦ | ૪ | ૩ | ૦ |
| ૫ | **સુરેન્દ્રનગર** | ૧૯ | ૦ | ૦ | ૭ | ૧૨ | ૦ |
| ૬ | **રાજકોટ ગ્રામ્ય** | ૧૭૯ | ૭૭ | ૩૯ | ૨૩ | ૨૭ | ૧૩ |
| ૭ | **અમરેલી** | ૩૦ | ૦ | ૦ | ૮ | ૨૨ | ૦ |
| ૮ | **રાજકોટ શહેર** | ૧૩૬ | ૫૫ | ૩૯ | ૧૭ | ૧૭ | ૮ |
| ૯ | **પોરબંદર** | ૧૧ | ૦ | ૦ | ૧૧ | ૦ | ૦ |
| ૧૦ | **ભુજ** | ૯૩ | ૨૫ | ૩૩ | ૧૨ | ૧૭ | ૬ |
| ૧૧ | **અંજાર** | ૪૨ | ૫ | ૧૫ | ૧૦ | ૭ | ૫ |
| ૧૨ | **જામનગર** | ૧૦૮ | ૨૯ | ૧૯ | ૨૨ | ૩૪ | ૪ |
| કુલ: | | ૬૬૮ | ૧૯૧ | ૧૪૫ | ૧૩૫ | ૧૬૧ | ૩૬ |

- **નિયત ધારા–ધોરણો:**

| | | |
|---|---|---|
| ૧. | જગ્યાનું નામ | એપ્રેન્ટિસ લાઇનમેન |
| ૨. | જગ્યાનો પ્રકાર | એપ્રેન્ટિસ તાલીમાર્થી |
| ૩. | તાલીમનો પ્રકાર | ઈલેક્ટ્રીક લાઇનકામ ને લગતી એપ્રેન્ટિસ અધિનિયમ મુજબની તાલીમ. |
| ૪. | તાલીમનો સમયગાળો | ૧ વર્ષ |
| ૫. | ટેકનીકલ લાયકાત | માન્યતા પ્રાપ્ત ઔદ્યોગિક તાલિમ સંસ્થામાંથી બે વર્ષનો રેગ્યુલર **વાયરમેન/ઈલેક્ટ્રીશીયન**નો કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. |
| ૬. | શૈક્ષણિક લાયકાત | માન્ય બોર્ડમાં રેગ્યુલર મોડથી ધોરણ ૧૦ પાસ. |
| ૭. | વય મર્યાદા | જાહેરાતની તારીખ. ૧૪.૦૮.૨૦૨૪ થી વયમર્યાદા:<br>(૧) ઓછામાં ઓછી ૧૮ વર્ષ તમામ ઉમેદવારો માટે<br>(૨) બિન અનામત ઉમેદવારો માટે વધુમાં વધુ ૨૫ વર્ષ<br>(૩) અનામત ઉમેદવારો માટે વધુમાં વધુ ૩૦ વર્ષ |

| | | |
|---|---|---|
| | | (૪) દિવ્યાંગ ઉમેદવાર માટે વધુમાં વધુ ૩૫ વર્ષ<br>(૫) જી.એસ.ઓ.-૨૯૫ (માત્ર પીજીવીસીએલના જ કર્મચારીના વારસો) ઉમેદવારો માટે વધુમાં વધુ ૪૦ વર્ષ |
| ૮. | સ્ટાઇપેન્ડ | સરકારશ્રીના વખતો વખત ધારા-ધોરણો મુજબ. |
| ૯. | જાતી :- | પુરૂષ |

- **જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો (પ્રમાણીત નકલ) (બે સેટમાં):**

| ક્રમ | દસ્તાવેજો/પ્રમાણપત્ર |
|---|---|
| ૧. | **તાજેતરના પાસપોર્ટ સાઈઝના ૦૪ (ચાર)– ફોટોગ્રાફ્સ** |
| ૨. | શાળા છોડ્યાનું પ્રમાણપત્ર |
| ૩. | જાતી અંગેનું પ્રમાણપત્ર (સા.શૈ.પ.વર્ગ (SEBC) માટે તાજેતરનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર પરિશિષ્ટ-“ક”/પરિશિષ્ટ-“૪”)<br>(જો આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) માં આવતા હોય તો તે સંદર્ભે માન્ય ‘’આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પાત્રતા પ્રમાણપત્ર’’ રજૂ કરવું ) |
| ૪. | શૈક્ષણીક લાયકાતના તમામ પ્રમાણપત્રો |
| ૫. | ટેકનીકલ લાયકાત આઈ.ટી.આઈ. (ઈલેક્ટ્રિશીયન/વાયરમેન) માર્કશીટ તેમજ પ્રમાણપત્ર<br>(પાસ નાપાસની તમામ માર્કશીટ સાથે) |
| ૬. | ફોટા સહીતનું ઓળખપત્ર (આધારકાર્ડ/પાનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરે) |
| ૭. | એન.સી.વી.ટી./જી.સી.વી.ટી. પ્રમાણપત્ર |
| ૮. | દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતાનું પ્રમાણપત્ર |
| ૯. | **GSO-295** અન્તર્ગતના ઉમેદવારે પોતાના પિતાશ્રી/માતાશ્રીનો બોર્ડ/કંપની માંથી છુટા થયાનો કાર્યાલય આદેશ અને રેશનકાર્ડ |
| ૧૦ | જો, જે તે રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી કરાવેલ હોય તો તે કાર્ડની નકલ. |

- **પસંદગી પ્રક્રિયા:**
  - ઉમેદવારે કંપની દ્વારા નિયત થયેલ શારીરિક સક્ષમતાની કસોટી સ્વરૂપે થાંભલો ચડવાની કસોટી (પોલ કલાઈમ્બીંગ ટેસ્ટ), સ્થળ પર આપવામાં આવતી સૂચના મુજબ પસાર કરવી.
  - આ શારીરિક સક્ષમતાની કસોટી ઉમેદવારે ૫૦ સેકન્ડમાં પુરી કરવાની રહેશે.
  - શારીરિક સક્ષમતાની કસોટી સફળતાપૂર્વક પસાર કરનાર ઉમેદવારોની પસંદગી યાદી તેમના આઈ.ટી.આઈ.ની પરીક્ષામાં મેળવેલ કુલ ગુણની ટકાવારીને આધારે તૈયાર કરવામાં આવશે. (કોઈપણ સેમેસ્ટર કે વર્ષ માં એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હશે તો તેની ટકાવારી 35% ગણવામાં આવશે.)

- **અન્ય શરતો:**
  1. માત્ર નિયત લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ જ શારીરિક સક્ષમતાની કસોટી (પોલ કલાઈમ્બીંગ ટેસ્ટ) માટે હાજર રહેવું.
  2. શારીરિક સક્ષમતાની કસોટીમાં હાજરી આપવા માત્રથી કોઈ ઉમેદવાર એપ્રેન્ટિસ લાઈનમેન તરીકે નિયુક્તિ અંગે દાવો કરી શકશે નહી.
  3. શારીરિક સક્ષમતાની કસોટી સમયે જે તે વર્તુળ કચેરી દ્વારા આપવામાં આવેલ પત્રકો ભરવાના રહેશે અને પસંદગીની તમામ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
  4. શારીરિક સક્ષમતાની કસોટી સફળતાથી પસાર કરનાર ઉમેદવારોને જ પસંદગી માટેની આગળની કાર્યવાહી માટે ધ્યાને લેવામાં આવશે.
  5. શારીરિક સક્ષમતાની કસોટી સમયે જો કોઈ અકસ્માત થશે અને ઉમેદવારને કોઈપણ રીતે શારીરીક હાની/નુકશાન થશે, તો તેની સંપુર્ણ જવાબદારી જે તે ઉમેદવારની રહેશે અને તે અંગે ઉમેદવાર કોઈપણ વાદ વિવાદ, તકરાર કે દાવો કરી શકશે નહી.

૬. શારીરિક સક્ષમતાની કસોટીમાં હાજર રહેનાર અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિના ઉમેદવારોને કંપનીના નિયમ મુજબ ટુંકામાં ટુંકા રૂટનું આવવા-જવાનું રેલ્વે અથવા બસનુ ભાડું (જે ઓછુ હશે તે) અસલ ટીકીટ રજુ કર્યેથી આપવામાં આવશે, તે સિવાય અન્ય કોઈ ખર્ચ પી.જી.વી.સી.એલ. તરફથી આપવામાં આવશે નહી.

૭. પોલ ટેસ્ટ સમયે ઉમેદવાર દ્વારા તાજેતરનું નોન-ક્રીમીલેયર/EWS પ્રમાણપત્ર રજુ કરવામાં નહિ આવે તો તેની ઉમેદવારી બિનઅનામત ઉમેદવાર તરીકે ગણવામાં આવશે અને વય મર્યાદા અંગે ઉપર જણાવેલ નિયત ધારા-ધોરણો લાગુ પડશે.

૮. ઉપરોક્ત જગ્યા માટે પસંદ થયેલ ઉમેદવારોને તેમનો પસંદગી યાદીનો ક્રમ, અનામતના ધોરણો તથા જે-તે વર્તુળ કચેરી અંતર્ગત ઉપલબ્ધ ખાલી જગ્યા અનુસાર પીજીવીસીએલ હેઠળની કોઇપણ વર્તુળ કચેરી હેઠળ ફાળવવામાં આવશે.

૯. પસંદ થયેલ ઉમેદવારોને વિગતવાર તાલીમનું સ્થળ જે તે વર્તુળ કચેરી/વિભાગીય કચેરી દ્વારા નક્કી કરવામાં આવશે.

૧૦. જો ઉમેદવારે કોઇપણ જગ્યાએ એપ્રેન્ટિસશીપ પૂર્ણ કરેલ હોય કે હાલ ચાલુ હોય તો શારીરિક સક્ષમતાની કસોટી આપવા આવવું નહિ.

૧૧. માત્ર Acid Attack Victim (AAV) તથા Specific Learning Disability (SLD) ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ માન્ય હોય, અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ શારીરિક સક્ષમતાની કસોટી આપવા આવવું નહિ.

૧૨. ભવિષ્યમાં ઉમેદવાર દ્વારા રજુ કરવામાં આવેલ પ્રમાણપત્રોમાં ગેરરીતી માલુમ પડશે અથવા ઉમેદવારે કોઈપણ જગ્યાએ લાઈનમેન વ્યવસાય તાલીમાર્થીની ટ્રેનીંગ લીધેલ હોવાનું કે હાલ ચાલુ હોવાનું માલુમ પડશે, તો ઉમેદવારને આપવામાં આવેલ તાલીમાર્થી તરીકેનો હુકમ રદ થવાને પાત્ર ઠરશે.

૧૩. જીયુવીએનએલ ના પરિપત્ર નં. જીયુવીએનએલ/એચઆર/૧૧/(૨૫૮)/૧૨૯૫, તા.૦૧.૦૬.૨૦૧૧ ની જોગવાઈ અનુસાર "એપ્રેન્ટિસ લાઇનમેનની તાલીમ પૂર્ણ કર્યા બાદ વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ) ની નિમણુંક માટે કોઈ પણ પ્રકારની સંયુક્ત પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે નહી. તેમજ ઉમદવારને કંપનીમાં વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ) તરીકે નિમણુંક આપવામાં આવશે નહી" તથા એપ્રેન્ટિસ અધિનિયમ- ૧૯૬૧ ની કલમ- ૨૨ મુજબ તાલીમ પૂર્ણ થયા બાદ કંપનીમાં કોઈ પણ પ્રકારની રોજગારી માટે ઉમેદવારનો કોઈ હક્ક/દાવો માન્ય રહેશે નહી.

- **શારીરિક સક્ષમતાની કસોટીના સ્થળ, તારીખ અને સમય:**

ઇચ્છુક ઉમેદવારોએ નીચે દર્શાવેલ જે-તે જીલ્લાના નામ સામે દર્શાવેલ વર્તુળ કચેરી ખાતે શારીરિક સક્ષમતાની કસોટી માટે નિયત તારીખે સમય સવારે ૦૯:30 થી સાંજે ૦૫:00 સુધી જે તે જીલ્લાના નામ સામે દર્શાવેલ વર્તુળ કચેરીની સામે જણાવેલ સ્થળે હાજર રહેવાનું રહેશે:

| ક્રમ નં. | જીલ્લાનું નામ | પોલ કલાઈમ્બીંગ ટેસ્ટની તારીખ | વર્તુળ કચેરીનું નામ | પોલ કલાઈમ્બીંગ ટેસ્ટ માટેના સ્થળ નું નામ અને સરનામું |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૦.૦૯.૨૦૨૪ | અમરેલી | પીજીવીસીએલ, વર્તુળ કચેરી, વીજ સેવા સદન પ્રાંગણ, ગાંધીબાગ પાસે, ચિતલ રોડ, અમરેલી- ૩૬૫૬૦૧ |
| ૨ | વડોદરા | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| 3 | ભરૂચ | ૧૦.૦૯.૨૦૨૪ | ભાવનગર | વર્તુળ કચેરી, પીજીવીસીએલ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, ચાવડી ગેટ, ભાવનગર. |
| ૪ | ભાવનગર | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૫ | ખેડા | ૧૨.૦૯.૨૦૨૪ | | |

| ક્રમ નં. | જીલ્લાનું નામ | પોલ ક્લાઈમ્બીંગ ટેસ્ટની તારીખ | વર્તુળ કચેરીનું નામ | પોલ ક્લાઈમ્બીંગ ટેસ્ટ માટેના સ્થળ નું નામ અને સરનામું |
|---|---|---|---|---|
| | | | | |
| ૬ | કચ્છ | ૧૦.૦૯.૨૦૨૪ | ભુજ | અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, પાવર હાઉસ કમ્પાઉન્ડ, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ. પીન. ૩૭૦૦૦૧. |
| ૭ | સાબરકાંઠા | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૮ | મહીસાગર | ૧૨.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૯ | મહેસાણા | ૧૦.૦૯.૨૦૨૪ | અંજાર | વર્તુળ કચેરી અંજાર, એસ ટી બસ સ્ટેશનની પાછળ, રોટરી હોલની સામે, અંજાર-કચ્છ પીનકોડ નં.-૩૭૦૧૧૦ |
| ૧૦ | બનાસકાંઠા | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૧૧ | પાટણ | ૧૨.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૧૨ | બોટાદ | ૧૦.૦૯.૨૦૨૪ | બોટાદ | અધિક્ષક ઈજનેરશ્રી ની કચેરી, ઓલ્ડ પાવર હાઉસ કમ્પાઉન્ડ, પાંજરાપોળ રોડ, બોટાદ-૩૬૪૭૧૦ |
| ૧૩ | ડાંગ | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૧૪ | દાહોદ | ૧૨.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | ૧૦.૦૯.૨૦૨૪ | જામનગર | ગેટકો કમ્પાઉન્ડ, મહિલા આઈ ટી આઈ સામે, સાત રસ્તા પાસે, જામનગર |
| ૧૬ | જામનગર | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૧૭ | ગીર સોમનાથ | ૧૦.૦૯.૨૦૨૪ | જુનાગઢ | જૂનું થર્મલ પાવર હાઉસ, પીજીવીસીએલ, સોલાર પ્લાન્ટ યાર્ડ, મુ. શાપુર (સોરઠ), તા. વંથલી, જી. જુનાગઢ. |
| ૧૮ | ગાંધીનગર | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૧૯ | જુનાગઢ | ૧૨.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૨૦ | મોરબી | ૧૦.૦૯.૨૦૨૪ | મોરબી | અધિક્ષક ઈજનેરશ્રી ની કચેરી, પી.જી.વી.સી.એલ., વર્તુળ કચેરી, જૂના પાવર હાઉસ કમ્પાઉન્ડ, નટરાજ હોટલ પાસે, સામા કાંઠે, મોરબી-૩૬૩૬૪૨ |
| ૨૧ | સુરત | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૨૨ | તાપી | ૧૨.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૨૩ | આણંદ | ૧૦.૦૯.૨૦૨૪ | પોરબંદર | પીજીવીસીએલ કોલોની, બિરલા રોડ, પોરબંદર-૩૬૦૫૭૫ |
| ૨૪ | પોરબંદર | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૨૫ | છોટા ઉદેપુર | ૧૦.૦૯.૨૦૨૪ | રાજકોટ શહેર | રાજકોટ શહેર વર્તુળ કેમ્પસ, નાના માવા મેઈન રોડ, રાજકોટ |
| ૨૬ | પંચમહાલ | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૨૭ | રાજકોટ | ૧૨.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૨૮ | વલસાડ | ૧૦.૦૯.૨૦૨૪ | રાજકોટ ગ્રામ્ય | રાજકોટ ગ્રામ્ય વર્તુળ કેમ્પસ, નાના માવા મેઈન રોડ, વેજીટેબલ માર્કેટ સામે, રાજકોટ |
| ૨૯ | નવસારી | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૩૦ | નર્મદા | ૧૨.૦૯.૨૦૨૪ | | |
| | | | | |
| ૩૧ | અમદાવાદ | ૧૦.૦૯.૨૦૨૪ | સુરેન્દ્રનગર | અધિક્ષક ઇજનેરશ્રી ની કચેરી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, કૈલાશપાર્ક સોસાયટી સામે, મહિલા કોલેજની પાછળ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧ |
| ૩૨ | અરવલ્લી | ૧૧.૦૯.૨૦૨૪ | | |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૧૨.૦૯.૨૦૨૪ | | |

**નોંધ :–** ઉમેદવારે ફક્ત એક જ સ્થળે શારીરિક સક્ષમતાની કસોટી આપવાની રહેશે.

**વિશેષ મહાપ્રબંધક (મા.સં)**